**રે.દિ.મુ નં. ૭૭/૨૦૧૫**

**<u>આંક: ૫૯ નીચે હુકમ:-</u>**

સાંભળ્યા,

અરજી વંચાણે લીધી.તથા આંક-૬૧થી રજુ થયેલ જવાબ તથા આંક-૬૬થી અને લેખીત દલીલો વંચાણે લીધી તથા લક્ષમાં લીધી.પ્રતિવદીઓ તરફે ધારદાર રજુઆત છે કે, વાદીઓએ હાલના દાવના કામે મોજે બકરાતપુરની સીમની રેવનયુ સર્વે નં.૯૭ અને ૧૪૫ વાળી સહીતની મિલ્કતોનો ઉલ્લેખ કરીને તેના પાણીપત્રકની નકલોની નકલો રજુ કરીને હાલનો દાવો કરેલો છે વાસ્તવમાં આ કામે બકરાતપુરની સીમમાં આવેલી રે.સ.નં.૯૭ અને ૧૪૫ વાળી ખેતીની મિલ્કત ગણોત હકકે પટેલ હરીભાઈ અમીચંદને મળેલી છે.જે મિલ્કતો સંબધી મે. પાટણના કૂષીપંચ-વ-મામલતદાર સમક્ષ ચાલેલ કેસ નંબર ગણોત/અપીલ/૭/૦૭ તા.૧૮-૦૮-૨૦૦૯ના હુકમથી ટેનનસી એકટની(ગણોતધારાની કલમ-૩૨(ગ)/૪૮/બકરાતપુરા/૬૧ તા. ૧૯/૦૯/૧૯૬૧ ના હુકમ અધારે નોંધ નં. ૯૩૧ની તા.૨૮-૦૮-૨૦૦૯ના રોજની પડેલી અને તે કાયમ રહેલી છે. પરંતુ નોંધ નં.૯૩૧ની રજુ કરેતા નથી. જે હકીકત વાદીઓની જાણમાં હોવા છતાં છુપાવી રહેલા છે. પરંતુ નોંધ નં.૬૨૫ ની રજુ કરેલી છે.જે ગણોતીયા પટેલ હરીભાઈ અમીચંદના નામની છે. જે અંગેની તકરાર આંક-૧૨ થી રજુ કરેલા દાવાતથા મનાઈહુકમની અરજીના જવાબના પેરા-૫ અને ૭માં સ્પષ્ટપણે લેવામાં આવેલી છે. નામ.કોર્ટે આ અંગેનો મુદ્દો કાઢેલો નથી. આમ આ કામે દાવાવાળી મિલ્કત પૈકી બકરાતપુરાની સીમની રે.સ.નં.૯૭ અને ૧૪૫ વાળી મિલ્કતો અંગે ટેનન્સી(ગણોત) અંગેનો વિવાદ ચાલુમાં હોઈ અને તેનો ટેન્ન્સી કાયદા અંગે નિર્ણય કરવાની સત્તા આપ નામ.કોર્ટેને કાયદાની રૂએ પહોચતી નથી. તેથી નામ.કોર્ટે આ બાબતે હકક કે અધિકાર નહિ હોવાથી હકુમત બહારની વિષયવસ્તુનો નિર્ણય આપ નામ.કોર્ટ કરી શકે નહિ.

વધુમાં તેઓની રજુઆત છે કે, આમ આ કામે દાવાવાળી મિલ્કત સંબધી

ગણોતીયા અંગેની તકરાર એસ.એસ.આર.ડી.અમદાવાદ ખાતે ચાલુમાં હોઈ આપ નામ.કોર્ટને સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(ડી) તથા કલમ–૧૫૧ મુજબ હાલની દાવો ચલાવવાની હકુમત પહોંચતી નહી.હોવાથી વાદીની દાવા અરજીની દાવ અરજી રદ કરવા ચલાવવવાની હકુમત પહોંચતી નહી હોવાથી વાદીની દાવ અરજીની દાવા અરજી રદ કરવા હાલની અરજી આપવાની ફરજ પડેલી છે.

વધુમાં તેઓની રજુઆત છે કે, અરજનું કારણ :– અમો પ્રતિવદીઓએ આ કામે આંક–૧૨થી દાવા તથા મનાઈહુકમની અરજીનો જવાબબ આપેલો છે. તે કામે જવાબના પેરા–૫ અને ૭ માં આ અંગેની તકરાર લીધેલી છે. આ કામે વાદીએ આંક–૨૦ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જે કામ ઉલટ તપાસ ઉપર છે. તેથી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ (ડી) નો બાધ નડતો હોવાથી અરજી આપવાની ફરજ પડેલી છે. તે આધારે વાદીની દાવા અરજી રીજેકટ કરવા વિનંતી કરેલ છે.

વધુમાં વાદી તરફે ધારદાર રજુઆત છે કે, અમો વાદીઓ મૈયત પટેલ જીવીબેન તે પટેલ નાથાભાઈ દેવાભાઈની વિધવા પત્ની ના કાયદેસરના સીધી લીટીના વરસદારો હોઈ અમોએ હાલનો દાવો દાવ અરજનાં પેરા–૨ માં જણાવેલ મૈયત પટેલ જીવીબેન નાથાભાઈ દેવાભાઈની વડીલો પાજીત ખેતીની તથા ઘરથાળની જમીનોમાં અમો વાદી તથા પ્રતિવાદીઓનો વારસાઈ હકક ઠરાવી આપવા તથા સદર મિલ્કતોનાં વહેંચણી માટેનો દાવો કરેલ છે.

વધુમાં તેઓની રજુઆત છે કે, ઓર્ડર–૭ રૂલ ૧૧ (ડી) ની અરજી તદન ખોટી અને ગેરકાયદેસર છે.

અમો વાદીએ દાવાના કામે જરૂરી તમામ દસ્તાવેજો કરેલા છે. સદર મિલ્કતો પૈકી બકરાતપુરાની સીમમાં આવેલ રે.સ.નં.૯૭ તથા ૧૪૫ વાળી ખેતીની મિલ્કત ગણોત હકે પટેલ હરીભાઈ અમરચંદભાઈ ને મળેલ છે. તેવું પ્રતિવાદીએ સાબીત કરવાનું રહે છે. સદર મિલ્કત પટેલ હરીભાઈ અમીચંદને ગણોત હકકે મળેલાની તકરાર હાલમાં

મહેસુલ પંચ, અમદાવાદમાં મેટર પેન્ડીંગ છે. તે અંગે કોઈ નિર્ણય લેવાયેલ નથી. તેથી પ્રતિવદી સદર મિલ્કત પટેલ હરીભાઈ અમીચંદને ગણોત હકકે મળવાનું જણાવી શકે નહીં. અને તેથી નામ. કોર્ટ પણ તે અંગે નો કોઈ મુદ્દો કાઢેલ નથી.

વધુમાં તેઓની ધારદાર રજુઆત છે કે, પ્રતિવાદીના જણાવ્યા પ્રમાણે દાવાવાળી મિલ્કત પૈકી બકરાતપુરા સીમની રે.સ.નં. ૯૭ તથા ૧૪૫ વાળી મિલ્કત અંગે ટેનન્સી અંગેનો વિવાદ ચાલુ હોઈ તેનો ટેનન્સી કાયદા અંગે નિર્ણય કરવાની સતા આપ નામ.કોર્ટને કાયદાની રૂઈએ પહોંચતી નથી. પરંતુ અમો વાદીએ હાલનો દાવો દાવા અરજના પેરા–૨ માં જણાવેલ મિલ્કતોમાં અમો વાદીનો ૧/૨ ભાગ સમાયેલો છે. તેવું ઠરાવી લેવા તથા અમો વાદી તથા પ્રતિવાદીનો વારસાઈ હકક સમાયેલો છે તેવું ઠરાવી લેવા તથા પેરા નં. ૨ માં જણાવેલ ધરાવેલ મિલ્કતમાં અમો વાદીનો હિત,હિસ્સો તથા ભાગ ૧/૨ ભાગની વહેંચણી પ્રતિવાદી જાતે તથા તેમના વારસદાર કરાવી આપે તે અંગેનો કરેલો છે. તેથી સદર દાવાને ટેનન્સી હક લાગુ પડતો નથી. સદર દાવામાં માંગેલ દાદ સીવીલ હકકથી મેળવવાની રહેશે. તેથી સદર દાવો સાંભવાની તથા સદર દાવના કામે આંક–૬૯ માં જણાવેલ તમામ કથનો પુરાવાનો વિષય છે.તે હાલના સ્ટેજ ઉપર નકકી કરી શકાય નહીં કે પ્રતિવાદીના આંક–૬૯ ની અરજીમાં જણાવેલ તમામ કથનો પ્રતિવાદીએ સાબીત કરવાના રહે છે.

વધુમાં હાલમાં પ્રતિવાદીએ જે અરજી નામ.કોર્ટમાં આપેલ છે. તે અરજીમાં પ્રતિવાદીએ ટેનન્સીના કાયદાની કલમનો બાધ આવે છે. તે જણાવેલ નથી.આમ પ્રતિવાદી નામ.કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલા નથી. જેથી હાલની પ્રતિવાદીની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

આમ બન્ને પક્ષોની ધારદાર રજુઆતો સાંભળી સામાન્ય રીતે સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજી નકકી કરતી વખતે અદાલતે આંક–૧ તથા ડી.લીસટ લક્ષમાં લઈ ને આગળની કાર્યવાહી કરવાની હોઈ છે. આ કામમાં વાદીની દાવા અરજી લક્ષમાં લેતા તેઓએ દાદ માંગેલ છે કે,

(૧) અમો વાદીની ઉપરોકત કહીકતોનો ઘ્યાને લઈ દાવા અરજના પેરા–૨ માં બતાવેલ મીલકતમાં અમો વાદીનો ૧/૨ (અડધો ભાગ) હીસ્સો સમાયેલો છે. તેવુ ઠરાવી આપવાનો હુકમ અને હુકમનમુ કરી આપવા મે. થશે.

(૨) અમો વાદીની ઉપરોકત હકીકતોને ધયાને લઈ દાવા અરજના પેરા–૨ માં બતાવેલ મીલકત અમો વાદી તથા પ્રતિવાદીઓની વારસાઈ હકક સમાયેલો છે. તેવુ ઠરાવી આપવાનો હુકમ અને હુકમનામુ કરી આપવા મે.થશે.

(૩) અમો વાદીની ઉપરોકત હકીકતોને ઘ્યાને લઈ દાવા અરજના પેરા–૨ માં બતાવેલ મીલકતમાં અમો વાદીનો ૧/૨ (અડધો ભાગ) હીસ્સાની વહેંચણી પ્રતિવાદીઓ પોતે જાતે તથા તેમના વારસો કરી કરાવી ઓ આપે અને તેનો સ્થળે પ્રત્યક્ષ કબજા ભોગવટો અમો વાદીને સોપે તેવો હુકમ અને હુકમનામુ કરી આપવા મે.થશે.

(૪) અમો વાદીની ઉપરોકત હકીકતોને ઘ્યાને લઈ દાવા અરજના પેરા–૨ માં બતાવેલ મીલકત પ્રતિવાદીઓ પોતે કે તેમના નોકર,અજન્ટો, પ્રતિવાદીઓ કુલમુખત્યારો દલાલો કમીશન એજન્ટો ઈત્યાદી વેચાણ કરે કે કરાવે નહી કે તેની ઉપર બોજો કે લીચન ઉભો કરે કે કરાવે નહી તેમજ સદર મીલકત તેમજ અન્ય મીલકત અન્ય રીતે હસ્તાંક્ષર
કરે કે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરુઘ્ધ કાયમી હુકમ આપવા મે.થશે.

(૫) અમો વાદીની ઉપરોકત હકીકતોને ઘ્યાને લઈ દાવા અરજના પેરા–૨ માં બતાવેલ મીલકત પ્રતિવાદીઓ પોતે કે તેમના નોકરો,એજન્ટો,
પ્રતિવાદીઓ કુલમુખત્યારો દલાલો કમીશન એજન્ટો ઈત્યાદી વેચાણ કરવા કરાવવાનો કે તેની ઉપર બોજો કે લીચન ઉભો કરવા કે કરાવવાનો તેમજ સદર મીલકત અન્ય રીતે હસ્તાંક્ષર કરવા કે કરાવવાનો

પ્રતિવાદીઓને કોઈ હકક કે અધિકાર નથી તેવુ ઠરાવી આપવાનો હુકમ અને હુકમનામુ કરી આપવા મે. થશે.

(૬) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસે આપવવા મે. થશે.

આમ ઉપરોકત તમામ દાદો લક્ષમાં લેતા વાદીએ દાવા અરજીમાં જણાવેલ મીલકતમાં હકહ માંગેલ છે.

આ દાવા અરજીમાં જે જમીન  અંગે દાદા માંગવામાં આવેલ છે. તેમાં કુલ મીલકત પૈકી અમુક મીલકત એટલે કે, દાવાવાળી મિલ્કત પૈકી બકરાતપુરા સીમની રે.સ.નં. ૯૭ તથા ૧૪૫ વાળી મિલ્કત  અંગે ટેનન્સી અંગેનો વિવાદ ચાલુ છે.તેવી તમામ હકીકત આંક–૧ માં દર્શાવેલ નથી. એટલે કે, વાદીઆ દાવા કામે ચોખ્ખા હાથે આવેલા નથી. સત્ય હકીકત છુપાવી હાલનો આ દાવો લાવેલા છે. અને તે ગગતનો કોઈ દસ્તાવેજ ડી.લીસ્ટમાં જોડેલ નથી.અને જે હકીકત વાદીએ દાવો દાખલ કર્યા તે સમયે રજુ રાખવી જોઈએ. હાલનો આ દાવો સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેનો છે. અને વાદીએ જયારે સ્પેસીફીક રીલીફ એકટ અન્વયે દાવા માંગેલ હોઈ તો તેના વિરુધ્ધની હકીકત હોઈ તો પણ રેકર્ડ ઉપર લાવવી જોઈએ.અને આ હકીકત રેકર્ડ ઉપર લાવેલા નથી. પણ તેઓની લેખીત દલીલમાં આ હકીકત દર્શાવેલી છે.

વાદી તરફે એવી પણ દલીલો થયેલ છે કે, તમામ મીલકતમાં ટેનન્સીની જે તકરાર પેન્ડીંગ છે તે સીવીયની પણ મીલકતો અંગે દાદ માંગેલ છે. જેથી સી.પી.સી.ઓર્ડર– ૭ રૂલ–૧૧ (ડી) અનવ્યે મુજબ દાવો રદ કરી શકાય નહી. તે બાબતે અદાલતનું મંતવ્ય છે કે આંક–૧ માં તમામ મીલકતોમાં રાઈટ માંગેલ છે અને ટેનન્સીની મીલકતોમાં પણ રાઈટ માંગેલ છે. જેઓના દાવાના ડ્રાફટીંગ અને પ્લીડીંગમાં તેવુ જણાવેલ નથી. કે, ટેનન્સીની તકરાર વાળી મીલકતોનો રાઈટ બાંધીત રાખીને અન્ય મીલકતો પુરતો આ દાવો કરેલ છે તેવુ જણાવેલ નથી. એટલે કે, સમગ્ર દાવામાં વાદીએ તમામ મીલકતમાં હકક માંગેલ છે અને તે મીલકતમાં ટેનન્સીની તકરારવાળી મીલકત પણ સામીલ થાય છે. આમ વાાદીની લેખીત દલીલોમાં

પણ હાલમાં ન્યાયનિર્ણય થવા માટે રેવન્યુ ડીપાર્ટમેન્ટ રુબરૂ પેન્ડીંગ છે. અને જ્યારે ગણોતધારા અનવ્યેની  મેટર રેવન્યુ અદાલતમાં પેન્ડીંગ હોઈ અને ગણોતધારા અંગેની મેટર સીવીલ અદાલતને ચલાવવા સત્તા રહેતી નહોય ન્યાયના વિશાળહીતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:હુકમ:–**

(૧) હાલની આ અરજી સી.પી.સી. ઓર્ડર –૭ રૂલ–૧૧ (ડી) અન્વયેની મંજુર કરુ છુ. હાલનો આ દાવો રીજેક્ટ થયેલો જાહેર કરુ છુ.

(૨) પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ ભોગવવો.

(૩) હુકમમુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજ રોજ તા.**૦૨ મી** માહે **જુલાઈ,** સને **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(મનોજ શંભુપ્રસાદ દવે)**
**મુખ્ય સીનીચર સીવીલ જજ,**
**પાટણ.**
**કોડ નં–જી.જે.૦૦૭૬૦**